# નવજીવન વડીલ કેન્દ્ર

**વૃદ્ધ, એકાકી, અને નિવૃત લોકોની સેવા અને સહાય માટે સ્થપાયેલી સંસ્થા**

વોલ્યુમ ૨, અંક ૨ ફેબ્રુઆરી ૨૦૦૮

દર ગુરુવારે સેવર સેન્ટર, ઓકલેગેટ લેન, કીંગ્સબરી, લંડન માં મળીએ છીએ.

**President**
Pranlal V Parekh
020 8902 7126
**Vice President**
Mahendra P Kothary
020 8907 7188
**Secretary**
Jayant U Doshi
020 8954 1859
**Treasurer**
Baburai t shah
020 8440 9968
**Joint Treasurer**
Himatlal Mehta
020 8427 2379
**Committee**
Jayantilal D Sheth
Surendra D Mehta
Jasuben D Sheth (Mrs)
Indrakant Bakhai
Navnitlal Shah
Nayanika Shah(Mrs)

<u>ફેબ્રુઆરીમા જન્મદિનના વધામણા</u>
<u>હસ્મીતા બી ટી શાહ</u>
<u>વિલાસબેન સંઘરાજકા</u>
<u>યશમતી મહેતા</u>
<u>સુધા વિ. કપાસી</u>
<u>નયંતિકા જે શાહ</u>
<u>મંજુલા એચ શાહ</u>
<u>સરલા સીટી દોશી</u>
<u>શારદા ડી દામાણી</u>
<u>સરજબેન ભંડારી</u>
<u>બીના દિનેશ શાહ</u>
<u>અશોક એસ મહેતા</u>

<u>જાન્યુઆરી લંચ: રંજનબેન લાલચંદ મહેતાના સ્મરણાર્થે આપવામાં આવેલ</u>

<u>આપને મદદ કે માર્ગદર્શન જોઇતા હોય તો અમે મદદ કરવા પ્રયત્ન કરીશુ</u>

આપના યાદગાર દિવસોમાં કેન્દ્રને યાદ કરીને લંચ સ્પોન્સર કરવા વિનંતિ

<u>નવા વર્ષ અને પ્રથમ વર્ષગાંઠની પાર્ટી</u>– આપણા કેન્દ્રની નવા વર્ષ અને પ્રથમ વર્ષગાંઠની પાર્ટી ૩ જાન્યુઆરીના રોજ રાખવામાં આવી હતી જેમાં સભ્યો તથા તેમના અતિથિઓ મળીને ૧૧૦ વ્યક્તિઓ હાજર હતાં. સ્ટેજને પ્રસંગોપાત શણગારવામાં આવેલ.. યોગ અને લંચ બાદ પાર્ટીમાં સહુ પહેલા કૌન બનેગા કરોડપતિની શરૂઆત થઇ હતી. રશ્મી દેસાઇએ આ શો માટે ખાસ હાજરી આપી હતી. મહેન્દ્ર કોઠારીએ સંચાલન કર્યું હતું. રમુજી પ્રશ્નોથી સહુને શોની ખુબ મજા આવી હતી. આ બાદ 'પાસ ધી ગારલેંડ' નામની રમત રમાડવામાં આવી હતી.

<u>નવા ખજાનચી</u>: ૧૦મી જાન્યુઆરીના રોજ યોજાયેલી મીટીંગમાં જયંતિલાલ શેઠે તમના પત્નીની નાદુરસ્ત તબિયતને લઇને પોતે કાર્ય કરી શકતા ન હોવાથી ખજાનચી તરીકે રાજીનામુ આપ્યુ હતું. કમીટીએ તેમની સેવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો અને કમીટીના સભ્ય તરીકે ચાલુ રહેવાની વિનંતિ કરી હતી.નવા ખજાનચી તરીકે બાબુરાય ટી શાહનું નામ સૂચવાયુ હતુ અને અન્ય કોઉ નામ આવેલ ન હોઇ નવા ખજાનચી તરીકે તેમની નિમણુંક કરવામાં આવી છે.

<u>૨૦૦૮નં સભ્યપદ</u>: ૧૫૦ સભ્યો નોંધાઇ ચૂક્યા છે. મર્યાદિત જગ્યા હોવાથી નવા સભ્ય લેવાનું ક્યારે બંધ કરવુ તે હવે કમીટી નિર્ણય કરશે.

<u>૨૦૦૮ ના કાર્યક્રમો:</u> કમીટીએ પ્રોગ્રામ વિષે ચર્ચા કરી હતી અને સભ્યો પાસેથી સૂચનો માગવામાં આવેલ છે. કમીટી તરફથી જે સૂચનો આવેલાં છે તે આ પ્રમાણે છે:

- ઉનાળામાં ડે-ટ્રીપ. આ માટે સભ્યો તરફથી સૂચનો મોકલવાની વિનંતિ છે.
- ક્રુઝ કે પરદેશમાં હોલી-ડે વિષે વિચારણા કરી જોવી
- ટૂંકા ગાળા માટે વેલ્સ કે સ્કોટલેન્ડ ના હોલી-ડેની વિચારણા કરવી
- એમ પણ સૂચવાયુ હતું કે સભ્યોને સાંસ્કૃતિક કાર્યક્રમ કે ફીલ્મ બતાવવી. 'સરક્યુ દ સોલઇ' કેનેડાના સરકસના શોનું બુકીંગ કરીને હવે શરૂઆત કરવામાં આવી છે.

લગ્નની એનીવર્સરી:- નીચેના સભ્યોની વેડીંગ એનીવર્સરી ફેબ્રુઆરીમાં છે:

| | |
|---|---|
| યશુમતી અને શાંતિલાલ મહેતા | સુધા અને વિનોદ કપાસી |
| નેના અને ભગવાનદાસ સી બખાઇ | રેખાબેન દામાણી |
| કુસુમબેન એન દોશી | પુષ્પા એચ દોશી |
| ભદ્રા અને જયસુખ બી મહેતા | સુનિતા અને મનસુખલાલ જે મહેતા |
| સવિતા અને પ્રાણલાલ વી પારેખ | નલીની એસ રચાણી |
| ઉર્મિલા અને હર્ષદ એન સંઘરાજકા | કોકીલા અને નાનાલાલ એન સોલાણી |
| ઉર્મિલા [illegible]ન ધીરેન્દ્ર સંઘરાજકા | ભાનુબેન આર શાહ |

બોલ-કેન્સર:- બ્રેન્ટ પ્રાઇમરી કેર ટ્રસ્ટના દવીનાએ ૨૪ જાન્યુઆરીના રોજ, સરકારના બોલ કેન્સરના સ્ક્રીનીંગ પ્રોગ્રામ અન્વયે એક વાર્તાલાપ આપ્યો હતો.. સભ્યોએ રસથી આમાં ભાગ લીધો હતો. આમાં ત બાદ આપણા સભ્ય રીટા શાહ પોતાને થયેલ બ્રેસ્ટ કેન્સર વિષે, કેવી રીતે ખબર પડી તથા બાદમાં કેવી રીતે તે હલ કરેલ તે વિષે ખુલ્લા દિલે ખ્યાલ આપ્યો હતો. કેન્સર પરખાયુ તે પહેલાનાં ચિહ્નો વિષે ખ્યાલ આપીને તેણે કહ્યું કે કોઇ પણ તકલીફ જેવું લાગે તે ડોકટર પાસે જઇને નિદાન કરાવવુ અને અવગણના ન કરવી. આ વાત વિષે લોકો સામાન્ય રીતે જલ્દી વાત નથી કરતા પણ વાતો કે ચર્ચા કરવાથી જ માહિતિ અને જ્ઞાન મળી શકે છે. બાદમાં મનહર મહેતા અને રાજ ખોનાએ તેમના અનુભવો વર્ણવીને મુસાફરી, આરોગ્ય વિષે ખ્યાલ આપ્યો હતો અને જરૂરી સૂચનો કર્યા હતા.